શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, ચંદ્રોદયસૂરીશ્વરજી મ૦,
,, કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, નીતિપ્રભસૂરીશ્વરજી મ૦,
,, સૂર્યોદયસૂરીશ્વરજી મ૦,
,, હેમચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, અશોકચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, મનહરસૂરીશ્વરજી મ૦,
,, વિકાસચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, જયચંદ્રસૂરીશ્વરજી મ૦,
,, પ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ૦,

પરમ પૂજ્ય શાસનસમ્રાટ : સૂરિચક્રવર્તી : પ્રૌઢપ્રતાપી : મહારાજાધિરાજ, જેમની શીતળ છત્રછાયામાં અનેક ભવ્યાત્માઓ સંયમી થયા, અનેક વિદ્વાનો આચાર્યો બન્યા, સમકિત વધારે પ્રજ્વલિત બન્યું : મહુવાની ધરતી પર જન્મ્યા અને વિધિના અકળ વિધાન પ્રમાણે મહુવામાં જ કાળધર્મ પામ્યા; શનિવારે વિશાખા નક્ષત્રમાં ૨૦ ઘડી અને ૧૫ પળે જન્મ, શનિવારે એ જ સમયે દેહવિલય

વીતરાગશાસનની મહાન વિભૂતિ

## પૂ. આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

"તમને જ્યારે એવું લાગે કે આ કાર્ય અટપટું છે, બનવું મુશ્કેલ છે, ત્યારે તમે કદમ્બગિરિવાળા મારા દાઢીવાળા ગુરુજી પાસે પહોંચી જજો; અને એમના આશીર્વાદ મેળવી લેજો."

વૃદ્ધત્વના અંતિમ આરે આવી ઊભેલા ભાવનગર રાજ્યના મુત્સદ્દી દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાના પુત્ર અને અનુગામી દીવાન શ્રી અનંતરાય પટ્ટણીને ઉપરોક્ત શબ્દો કહ્યા હતા. એ દાઢીવાળા ગુરુ એટલે વિરલ વિભૂતિ શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી

વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ. તેઓશ્રી નૈષ્ઠિક બ્રહ્મચર્ય, જાજ્વલ્યમાન તપોબળ, સન્નિષ્ઠ આત્મબળ, નૈસર્ગિક બુદ્ધિપ્રતિભા અને સાત્ત્વિક પ્રભાવશાલીતાના અદ્ભુત ગુણોની સાક્ષાત્ મૂર્તિ હતા. મહાન વ્યક્તિમત્તા અને અનેકવિધ શાસનપ્રભાવનાને લીધે તેઓશ્રી વીસમી સદીના સૌથી મોટા સૂરિચક્ર–ચક્રવર્તીનું માનભર્યું સ્થાન પામ્યા હતા. )

(પૂજ્યશ્રીનો જન્મ સૌરાષ્ટ્રની સાહસશૂરી ધરતી અને પ્રકૃતિથી પલ્લવિત મહુવા (મધુમતી) નગરીમાં થયો હતો. ભાવનગર રાજ્યના એ ગૌરવવંતા બંદરે શેઠ પન્ના તારાના નામનો આંકડો ચાલતો. એ વંશના ધર્મપ્રેમી લક્ષ્મીચંદ દેવચંદ અને દિવાળીબાના ગૃહે સં. ૧૯૨૯ના કારતક સુદ ૧ને દિવસે પનોતા પુત્ર 'નેમચંદ'નો જન્મ થયો. ચુસ્ત ધર્મપાલનના આગ્રહી, સદાચારી તેમ જ સાદાઈ અને સંતોષના જીવનવ્રતને વરેલાં સંસ્કારી મા–બાપની શીતળ છાયા તથા ત્રણ બહેનો અને એક ભાઈના હેતભર્યા સહવાસ વચ્ચે નેમચંદનો ઉછેર થતો હતો. ખપજોગું વ્યાવહારિક શિક્ષણ લઈને ચૌદ વર્ષની વયે ધંધે વળગ્યા. સટ્ટાના ધંધામાં તેમની કાબેલિયત ઝળકી ઊઠી. પરંતુ તેમનો આત્મા કોઈપણ સાંસારિક પ્રવૃત્તિમાં રાજી થતો ન હતો. મૂળભૂત જિજ્ઞાસાવૃત્તિ, ધર્મરુચિ અને જ્ઞાન–તપ માટે પ્રેરતી હતી. પરિણામે, ધંધો છોડીને વળી અભ્યાસ તરફ વળ્યા. એમાં ધાર્મિક અભ્યાસ પ્રત્યે વિશેષ રુચિ કેળવાતી ચાલી. પોતાની અદ્ભુત સ્મરણશક્તિ અને તીવ્ર ધારણાશક્તિ દ્વારા વધુ પ્રોત્સાહિત થયા. પિતાશ્રીની અનુજ્ઞા મેળવી વધુ અભ્યાસાર્થે ભાવનગર આવ્યા. અહીં ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના પરિચયમાં આવ્યા. ગુરુજીની નિર્મળ અને મધુર વાણીની તેમ જ સૌમ્ય અને વાત્સલ્યપૂર્ણ વ્યક્તિત્વની એમના મન પર ગાઢી અસર થઈ. એક વર્ષના અભ્યાસ પછી તો નેમચંદ સંયમમાર્ગે વિહરવા દૃઢનિશ્ચયી બની ચૂક્યા હતા. પરંતુ એ માટે માતાપિતાની સંમતિ મળી નહીં. એક દિવસ કોઈને કહ્યા વગર ઘર છોડી ભાવનગર પહોંચ્યા. સં. ૧૯૪૫ના જેઠ સુદ ૭ના પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે ૧૬ વર્ષની યુવાવયે ભાગવતી દીક્ષા અંગીકાર કરી; અને નેમચંદમાંથી મુનિશ્રી નેમિવિજયજી બન્યા. અને તે સાથે જ ગુરુસેવા, સંયમસાધના અને જ્ઞાનોપાર્જનમાં એકનિષ્ઠ બની ગયા. 'મોરનાં ઈંડાં કાંઈ ચીતરવાં ન પડે' એ ન્યાયે પહેલા જ વર્ષમાં પ્રકરણ, વ્યાકરણ, સાહિત્ય વગેરે અવગત કરી લીધાં. તે જ વર્ષમાં પર્યુષણા–વ્યાખ્યાનમાં ગુરુદેવના આદેશથી સુબોધિકા (શ્રી કલ્પસૂત્રની સંસ્કૃત ટીકા)ની પીઠિકા છટાદાર શૈલીમાં વાંચી. )

(સં. ૧૯૪૯માં વાત્સલ્યમૂર્તિ ગુરુદેવની શીળી છાયા ગુમાવી. આથી પૂજ્યશ્રીના હૃદયને ઘણો આઘાત લાગ્યો. પરંતુ જ્ઞાન–તપની સહાયે અલ્પ સમયમાં સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. ત્યાર બાદ, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિના બળે અલ્પ સમયમાં અનેક શાસ્ત્રોનું ઊંડું અવગાહન કર્યું. એટલું જ નહિ, જૈનદર્શનની સાથે અન્ય દર્શનો–સાંખ્ય, યોગ, મીમાંસા, વેદાંત વગેરેનું પણ જ્ઞાન સંપાદન કર્યું. તેમની આ જ્ઞાનલબ્ધિ અને તેનાથી સમૃદ્ધ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનશૈલી, કડક સંયમરુચિ આદિ યોગ્યતા જોઈ તેમના વડીલ ગુરુબંધુ ઉદારમના ગીતાર્થ-



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવર પૂ. પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજે ભાવનગરમાં શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં પ્રવેશ કરાવી, વલભીપુર મુકામે સં. ૧૯૬૦ના કારતક વદ ૭ના ગણિપદથી, માગશર સુદ ૩ના પંન્યાસપદથી વિભૂષિત કર્યા. અને આગળ જતાં, તેઓશ્રીમાં ઉત્તરોત્તર થતી ગુણજ્ઞાનની વૃદ્ધિને જોઈ તેમ જ શાસનધુરાને વહન કરવાની યોગ્યતાને જાણી, પૂ. વડીલ બંધુએ સં. ૧૯૬૪માં ભાવનગરમાં મહામહોત્સવપૂર્વક આચાર્યપદવીથી અલંકૃત કર્યા. લગભગ છેલ્લાં ૩૦૦ વર્ષ પછી યોગોદ્વહન, પંચપ્રસ્થાનની આરાધના વગેરે શાસ્ત્રીય વિધિપૂર્વક કરીને આચાર્યપદવી પ્રાપ્ત કરનારા તેઓ સર્વ પ્રથમ આચાર્ય હતા. તેથી તેઓશ્રી આચાર્યોના ચક્રમાં ચક્રવર્તી અને જૈનશાસનમાં સમ્રાટ કહેવાયા. આચાર્યપદવી પ્રાપ્ત થતાં તેઓ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી તરીકે જાહેર થયા અને આગળ જતાં વિશાળ શિષ્ય–પ્રશિષ્ય સમુદાયથી શોભાયમાન પૂજ્યપાદશ્રી 'શાસનસમ્રાટ'થી વિશેષ ખ્યાત થયા.

સં. ૨૦૦૫નું ચાતુર્માસ જન્મભૂમિ–મહુવામાં વિતાવતા હતા ત્યારે તબીયત લથડી. દિન–પ્રતિદિન અશક્તિ વધતી ચાલી. દિવાળીનું પર્વ આવ્યું. આસો વદ અમાસની સવાર ઊગી. બાહ્ય ઉપચારો મૂકીને નિર્યામણાનો આભ્યંતર ઉપચાર શરૂ થયો. બરોબર ૭ વાગ્યે પૂજ્યશ્રીનો આત્મા સ્વર્ગલોક ભણી સંચર્યો. એક ભવ્ય જીવનનું ૭૭ વર્ષનું ચક્ર પૂર્ણ થયું. પૂજ્યશ્રીના દેહવિલય–સ્થળથી ૫૦ ડગલાં દૂર તેમનું જન્મસ્થળ હતું, જ્યાં કારતક સુદ ૧ને દિવસે એમનો જન્મ થયો હતો !!

જીવનસિદ્ધિ : પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીનું જીવન એક વિશાળ વટવૃક્ષ સમાન હતું. જેમ વટવૃક્ષને અનેક શાખા–પ્રશાખા હોય તેમ ગુરુભગવંતને પણ વિશાળ શિષ્ય–પ્રશિષ્ય સમુદાય થયો. જેમ વટવૃક્ષ અગણિત જટાજૂથઘટાઓથી સોહી રહે તેમ પૂજ્યપાદ પણ અનેકાનેક સઘન શાસનપ્રભાવક પ્રવૃત્તિઓથી શોભાયમાન હતા. એક જ વ્યક્તિ આટલું વિશાળ કાર્યક્ષેત્ર ધરાવે એ પણ આ સમયનું એક આશ્ચર્ય જ મનાયું ! સંયમજીવનના આરંભે જ પૂજ્યશ્રીએ ચાર જીવનધ્યેયો નક્કી કર્યાં હતાં; અને એને પાર પાડવા સતત અને સખત પુરુષાર્થ કરતા રહ્યા હતા. એ ધ્યેય તે આ હતાં :

૧. જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનોદ્ધાર : ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો અને ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં મગ્ન રહ્યા એટલે સ્વકલ્યાણ તો નિશ્ચિત થયું જ, પરંતુ સાચા સૂરિનું કાર્ય તો પરકલ્યાણનું પણ છે એમ પોતે દૃઢતાથી માનતા હતા. ધર્મકાર્યો કે ધાર્મિક ક્રિયાઓ સમજણ વગર ન થવી જોઈએ એમ પણ તેઓશ્રી માનતા હતા; એ માટે નાના બાળકથી માંડીને મોટા વિદ્વાનો સુધીના માટે ધાર્મિક પાઠશાળાઓ હોવી જરૂરી છે એમ સ્વીકારતા હતા. પરિણામે અમદાવાદ, ખંભાત, મહુવા, વઢવાણ, જાવાલ આદિ અનેક સ્થળે પાઠશાળાઓ, જંગમ શાળાઓ, કન્યાશાળાઓ સ્થાપી-સ્થપાવી. એટલું જ નહિ, વયોવૃદ્ધ અને શ્રીમંત ગૃહસ્થો પણ મળીને ધર્મચર્ચા કરી શકે તે માટે અમદાવાદમાં 'જૈન તત્ત્વવિવેચક સભા' સ્થાપી, જે આજે 'સૂરિસમ્રાટ પાઠશાળા' રૂપે ચાલી રહી છે. જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનોદ્ધારના સંદર્ભે ધર્મશાસ્ત્રોનું ગ્રંથસંરક્ષણ, ગ્રંથલેખન અને ગ્રંથપ્રકાશન પણ એટલું જ અનિવાર્ય હતું. પૂજ્યશ્રીની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરણાથી ખંભાત, અમદાવાદ, કદંબગિરિ અને મહુવાના વિશાળ જ્ઞાનભંડારો એના સાક્ષીરૂપે આજે પણ ઊભા છે. આ ભંડારોમાં જૈન–જૈનેતર ધર્મ સંબંધી હસ્તલિખિત–મુદ્રિત એવી હજારો પ્રતો જળવાઈ રહી છે. આ ઉપરાંત, શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી હરિભદ્રસૂરિજી અને ઉપાધ્યયશ્રી યશોવિજયજી જેવા દાર્શનિક પુરુષોએ રચેલાં મહાન ગ્રંથરત્નોનું સુઘડ અને સુલભ પ્રકાશન થાય તે માટે 'જૈન ગ્રંથપ્રકાશક સભા' સ્થાપી. આ સંસ્થાના માધ્યમથી સંખ્યાબંધ ગ્રંથો સર્વને સુલભ બન્યા.

આચાર્યશ્રીએ પોતે પણ વિશિષ્ટ શાસ્ત્રાભ્યાસના નિચોડ રૂપે ગ્રંથો અને ટીકાગ્રંથો રચ્યા હતા, જેનું શ્લોકપરિમાણ ત્રણેક લાખ જેટલું અંદાજાય છે. એમાં શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન પરની 'હેમપ્રભાવૃત્તિ', 'ન્યાયસિન્ધુ' નામનો ન્યાયગ્રંથ અને 'કાન્તતત્ત્વમીમાંસા', 'પ્રતિમામાર્તંડ' આદિ મુખ્ય છે. પૂજ્યશ્રીની જ્ઞાનોદ્ધારની આ વિશિષ્ટ સેવાઓનો ઉલ્લેખ કરતાં પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીએ યોગ્ય જ કહ્યું છે કે 'તેઓશ્રી દ્વારા જૈનસમુદાયમાં સર્વપ્રથમ જૈન સાહિત્ય પ્રકાશનનો પુનિત પ્રારંભ પણ વિશેષ રૂપે થયો હતો. તેઓશ્રીના પ્રેરણાદાયી સાહિત્ય–પ્રકાશનના શુભ પ્રયાસથી જ બીજા અનેક શાસ્ત્રપ્રેમી અને સાહિત્યભક્ત મુનિવરો પણ એ દિશામાં ઉલ્લેખનીય કાર્ય કરતા રહ્યા છે. એ રીતે જૈનધર્મની તથા સમ્યક્જ્ઞાનની સુરક્ષા તથા પ્રસિદ્ધિ કરનાર આ વીસમી સદીના તેઓશ્રી સર્વપ્રથમ મુનિગણનાયક યથાર્થ આચાર્ય બન્યા હતા.' )

૨. શિષ્યપરંપરા : પૂજ્યપાદશ્રીનું બીજું ધ્યેય હતું જ્ઞાન અને ગુણસંપન્ન તેજસ્વી શિષ્યપરંપરા રચવાનું. આ કાર્યથી જૈનશાસનનો વિસ્તાર અને વિકાસ શક્ય છે એમ તેઓશ્રી માનતા. અને એ ધ્યેયને લક્ષમાં રાખીને પ્રત્યેક શિષ્યને આદર્શભૂત કડક અનુશાસનથી તૈયાર કરતા. ગહન અધ્યયન અને કઠોર ચારિત્રપાલન માટે સદા જાગૃત રહેતા. પરિણામે આઠ બહુશ્રુત આચાર્યો અને અનેક વિદ્વાન મુનિવરોની ભવ્ય પરંપરા શાસનને સમર્પી શકયા. સ્વયં અદ્વિતીય કક્ષાના વિદ્વાન અને તેઓશ્રીની વિદ્વાન વિશાળ શિષ્ય–પ્રશિષ્યની પરંપરા જૈનધર્મના ઇતિહાસનું ગૌરવશાળી પ્રકરણ બની રહ્યું છે.

૩. જીવદયા : આ અહિંસાપ્રધાન જૈનશાસનના અધિનાયક તરીકે જીવદયા એ પૂજ્યશ્રીનું વિશિષ્ટ ધ્યેય હતું. સૌરાષ્ટ્રના સાગરકાંઠાના કંઠાળ અને વળાંક જેવા પંથકોમાં ત્યાંનો મુખ્ય વ્યવસાય માછીમારીનો હતો; તે ઉપરાંત દેવદેવીઓને પશુઓના ભોગ ધરાવવાની પ્રથા પણ ફૂલીફાલી હતી. પૂજ્યશ્રીએ ગામડે ગામડે ફરીને, હજારો માઈલોનો વિહાર કરીને, જાનના જોખમે હિંસક માનસ ધરાવતી જાતિઓને ઉપદેશ આપીને આવી ઘાતકી પ્રથાઓ બંધ કરાવી, અને ઘણા બધા માછીમારો પાસે માછીમારીનો વ્યવસાય બંધ કરાવ્યો. કહેવાય છે કે એક વાર પૂજ્યશ્રીના ઉપદેશથી દાઠા ગામમાં માછીમારોએ હજારો જાળોની હોળી કરી. પૂજ્યશ્રીનો આ નાનોસૂનો વિજય ન હતો! બીજું, મૂંગાં પશુઓ પ્રત્યે પણ એવી જ અનુકંપા પ્રગટાવી હતી. પેટલાદ, ખેડા, જાવાલ, અમદાવાદ વગેરેની પાંજરાપોળોને આચાર્યશ્રીના ઉપદેશથી લાખો રૂપિયાનાં દાન મળતાં રહ્યાં હતાં. સં. ૧૯૮૩ના ગુજરાતના જળપ્રલય વખતે પણ લાખો

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપિયાનું ફંડ કરાવ્યું હતું. અને એમાંથી વધેલી રકમમાંથી અમદાવાદ પાંજરાપોળમાં ભોજનશાળા શરૂ કરાવી હતી, જે આજે પણ ચાલે છે. તેઓશ્રીની આવી પ્રેરક પ્રવૃત્તિ વિશે મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજ લખે છે: "શ્રાવક ક્ષેત્રના ઉદ્ધાર માટે, સંરક્ષણ અને વૃદ્ધિ માટે તેઓશ્રીએ મહાન પ્રયત્નો કર્યા છે. અનેક દુષ્કાળ, જળપ્રલય અને રોગોના ઉપદ્રવ સામે, જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં શ્રાવકક્ષેત્રોમાં ગુપ્તદાન અપાવવાની તેમની શક્તિ કામ કર્યા જ કરતી હતી. પોતાના શ્રીમંત ભક્તો દ્વારા શ્રાવક ક્ષેત્રોમાં પુષ્કળ ગુપ્તદાન અપાવ્યાં છે. તેમ જ કોઈ પણ ધર્મ અને જ્ઞાતિના ભેદભાવ વગર દુષ્કાળ આદિમાં દાન–રાહત અપાવતા. અનેક પાંજરાપોળો અને એવી જ બીજી સંસ્થાઓ પણ તેઓશ્રીની શક્તિથી જીવંત બની હતી."

૪. તીર્થોદ્ધાર: આચાર્યશ્રીનું તીર્થોદ્ધાર પ્રત્યેનું વલણ ઉમદા અને વિરાટ હતું. એમના રોમેરોમમાં તીર્થો પ્રત્યે અપાર ભક્તિભાવ અને એટલી જ ચિંતા હતી. કાપરડાજી તીર્થના ઉદ્ધાર સમયે પ્રાણાંત પરિષહ સહ્યો હતો. કદંબગિરિ તીર્થના ઉદ્ધારમાં એમણે પ્રાણ રેડયા હતા. આવાં કાર્યોમાં પૂજ્યશ્રી જાનની પરવા કરતા નહીં. શેરીસાના તીર્થનો ઉદ્ધાર એ આચાર્યશ્રીની શ્રદ્ધાપૂર્ણ દોરવણી અને શેઠ સારાભાઈ ડાહ્યાભાઈની અથાગ જહેમતનો સરવાળો છે. માતર, રાણકપુર, સ્તંભતીર્થ આદિ તીર્થો અને અનેક ગામોમાં જીર્ણ જિનાલયોનાં કરાવેલાં ધરમૂળ ઉદ્ધારો આજે પણ તેઓશ્રીની જીવંત યશોગાથા સંભળાવી રહ્યાં છે. આ ઉપરાંત, તીર્થોના હકો અને તેની રક્ષા માટે પણ પૂજ્યશ્રી સતત કાળજી રાખતા. ગિરિરાજ ગિરનારનાં તીર્થ માટે જૂનાગઢના નવાબ સાથે ચાલેલા કેસમાં પૂજ્યશ્રીએ લીધેલી જહેમત ગજબની હતી. એવી જ રીતે, સમેતશિખર, તારંગા, અંતરિક્ષજી, મક્ષીજી અને શત્રુંજય ગિરિરાજના ગૂંચવાડા ભરેલા કેસોના વિજય પાછળ તેઓશ્રીની વિલક્ષણ બુદ્ધિ કામ કરી ગઈ હતી. એથી જ, સમસ્ત સંઘ વતી ભારતભરનાં જૈન તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પૂજ્યશ્રીને પૂછ્યા વિના ડગલું ભરતી નહીં. આમ, આ ચારે મહાન ધ્યેયની સિદ્ધિ માટે આચાર્યશ્રી અડગ આત્મવિશ્વાસ સાથે સતત પ્રયત્નશીલ રહ્યા અને વિજય પણ પ્રાપ્ત કરતા રહ્યા.

પ્રતાપી વ્યક્તિમત્તા: ઊંડું શાસ્ત્રજ્ઞાન, પ્રભાવક વાક્ચાતુરી, સતત ધર્મજાગૃતિ, કઠોર ધર્મચર્યા તેમ જ વિશાળ અને દીર્ઘ દૃષ્ટિથી સમગ્ર શાસનની ખેવના કરતાં પૂજ્ય આચાર્યશ્રી જૈન–જૈનેતર–સૌમાં ખૂબ જ આદરણીય હતા. તેઓશ્રીના આ જાજ્વલ્યમાન વ્યક્તિત્વથી રાજા–મહારાજાઓ અને શ્રીમંતો પણ એમની સભામાં ઉપસ્થિત રહેવામાં ગૌરવ સમજતા. ભાવનગર, વલભીપુર, લીંબડી, ગોંડલ, ધ્રાંગધ્રા, ઉદયપુર, જેસલમેર, સિરોહી આદિ રાજ્યોના મહારાજાઓ પૂજ્યશ્રીના ઉપદેશ અને વ્યાખ્યાન–શ્રવણથી કૃતકૃત્યતા અનુભવતા. ઉદયપુરના ચાતુર્માસ વખતે દેશના પ્રખર પંડિત શ્રી મદનમોહન માલવિયાજીએ ઘણો સમય સત્સંગ કરીને આચાર્યશ્રીની પંડિતાઈ વિશે અહોભાવ દર્શાવ્યો હતો. સત્યપ્રિયતા, નિષ્પક્ષતા, નિઃસ્પૃહતા અને સમતાના ગુણોને લીધે પૂજ્યશ્રી સકળ સંઘમાં પરમ આદરણીય બન્યા હતા. સં. ૧૯૯૦ના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના ઐતિહાસિક મુનિસંમેલનમાં તેઓશ્રીની સૂઝ–સમજણથી અનેક વાદ–વિવાદો શમી ગયા અને એ સિદ્ધિથી એમનો કીર્તિકળશ સર્વોચ્ચ ટોચે ઝળક્યો હતો. આટ–આટલી કીર્તિ, પ્રતિષ્ઠા, માન–સન્માન હોવા છતાં પૂજ્યશ્રી અંતરથી સાવ નિઃસ્પૃહી હતા. સમયે સમયે રાજા–મહારાજાઓ તરફથી કે શ્રેષ્ઠીઓ તરફથી વિનમ્રભાવે ધરાતી ભેટ, સાધુજીવનને શોભે તેમ, સ્વીકારતા નહીં. સં. ૧૯૯૯માં કદંબગિરિમાં અનેક દરબારોને હિંસા, ચોરી, વ્યસનો આદિથી મુક્ત કર્યા તેના ઉપકાર રૂપે દરબારો તરફથી તેઓશ્રીના નામે જમીન આપવાની દરખાસ્ત થઈ, પણ તેઓશ્રીએ તેનો સ્વીકાર કર્યો નહીં ! પૂજ્યશ્રી માત્ર ધર્મશાસન માટે જ્યાં જ્યાં, જ્યારે જ્યારે, જે જે કરવું જરૂરી લાગતું તે બધું જ કરવા તત્પર રહેતા અને તે કાર્ય સાંગોપાંગ પાર ઉતારતા. આમ, જૈનશાસનની રક્ષા, પ્રભાવના અને વ્યવસ્થા કરવાની બહુમૂલી જવાબદારી સ્વીકારનાર અને તેને કુશળતાપૂર્વક અને સફળતાપૂર્વક પાર ઉતારનાર આ મહાન વિભૂતિ જૈનશાસનના ઇતિહાસમાં 'શાસનસમ્રાટ' તરીકે અમર થાય એમાં શી નવાઈ ! (સંકલન : પૂ. પંન્યાસશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ)

## શાસ્ત્રવિશારદ : ન્યાયવાચસ્પતિ

# પૂ. આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ

સમગ્ર સચરાચર સૃષ્ટિમાં માનવીની હરોળમાં આવે એવું કોઈ પ્રાણી નથી. દેવો પુણ્યબળે માનવીથી ચડિયાતા હશે; પરંતુ આત્મશુદ્ધિ કરીને મુક્તિસુખને ઉપલબ્ધ કરી શકવાની સ્થિતિ અને શક્તિ ધરાવવાની ભાગ્યરેખા તો માનવીના લલાટે જ હોય છે ! સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે : 'તઓ ઠાણાંઈ દેવે પીહેજ્જા; માણુસ્સગં ભવં, આરિયખેત્તે જમ્મં, સુકુલ પચ્ચા યાઈ.'–એવા માનવ ઉત્કૃષ્ટ ધર્મજીવન જીવીને મહામાનવ બની જતા હોય છે.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનું શાસન એકવીસ હજાર વર્ષ સુધી ચાલવાનું છે. એમાં પંચાવન લાખ, પંચાવન હજાર, પાંચસો ને પચાસ જેટલાં શાસ્ત્ર–સિદ્ધાંતને વફાદાર રહીને શ્રી જિનેશ્વર પરમાત્માએ સ્થાપેલા શાસન દ્વારા એક માત્ર મોક્ષમાર્ગના ઉપદેશ આપનારા સુવિહિત આચાર્ય મહારાજાઓ થનારા છે. આવા આંકડાઓ રોમહર્ષક હોય છે; એના કરતાં ય વિશેષ એવા શાસનપ્રભાવક પૂજ્યવરોનાં દર્શન થાય છે ત્યારે એ ઘટના વધુ હર્ષમય અને પ્રભાવક બને છે ! આવી રોમાંચકારી ઘટના તે નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા પુણ્યનામધેય સમર્થ વિદ્વાન આત્મસાધક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ.

પૂજ્યશ્રીનો જન્મ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયથી પાવન થયેલા ભાવનગર જિલ્લાના સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકેના બિરુદધારક મહુવા શહેરમાં થયો હતો. સં. ૧૯૪૩ના પોષ સુદ ૧૫ ને મંગળવારે પિતા કમળશીભાઈ અને માતા ધનીબહેનને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. પોષી પૂર્ણિમા, મંગળકારી દિવસ, કમળ સમા સુવાસિત પિતા અને ધન્ય ધન્ય માતા–પછી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org